# દેવ કોણ છે?

**સાચા દેવ કોણ છે, અને તેમનું નામ શું છે? (૧, ૨)**
**તેમની પાસે કયા પ્રકારનું શરીર છે? (૩)**
**તેમના મુખ્ય ગુણો કયા છે? (૪)**
**શું આપણે તેમની ઉપાસનામાં મૂર્તિઓ કે પ્રતીકોનો ઉપયોગ કરવો જોઈએ? (૫)**
**આપણે દેવ વિષે કઈ બે રીતે શીખી શકીએ? (૬)**



૧. લોકો ઘણી વસ્તુઓની ઉપાસના કરે છે. પરંતુ બાઇબલ આપણને કહે છે કે માત્ર એક જ **સાચા** દેવ છે. તેમણે આકાશમાંની અને પૃથ્વી પરની સર્વ બાબતો ઉત્પન્‍ન કરી છે. તેમણે આપણને જીવન આપ્યું હોવાને કારણે, આપણે ફક્ત તેમની એકલાની જ ઉપાસના કરવી જોઈએ.—૧ કોરીંથી ૮:૫, ૬; પ્રકટીકરણ ૪:૧૧.

૨. દેવના ઘણાં ખિતાબો છે પરંતુ ફક્ત એક જ નામ છે. એ નામ **યહોવાહ** છે. મોટા ભાગનાં બાઇબલોમાં, દેવનું નામ દૂર કરવામાં આવ્યું છે અને **પ્રભુ** કે **દેવ** જેવા ખિતાબોથી બદલવામાં આવ્યું છે. પરંતુ બાઇબલ લખવામાં આવ્યું ત્યારે, એમાં યહોવાહ નામ લગભગ ૭,૦૦૦ વખત નજરે પડતું હતું!—નિર્ગમન ૩:૧૫; ગીતશાસ્ત્ર ૮૩:૧૮.

૩. યહોવાહ પાસે શરીર છે, પરંતુ એ આપણાં જેવું નથી. "દેવ આત્મા છે," બાઇબલ કહે છે. (યોહાન ૪:૨૪) આત્મા જીવનનો એક પ્રકાર છે જે આપણાં કરતાં ઘણો જ ચઢિયાતો છે. કોઈ માણસે

દેવને કદી જોયા નથી. યહોવાહ આકાશમાં રહે છે, પરંતુ તે સર્વ વસ્તુઓ જોઈ શકે છે. (ગીતશાસ્ત્ર ૧૧:૪, ૫; યોહાન ૧:૧૮) તો પછી, પવિત્ર આત્મા શું છે? એ દેવની જેમ એક વ્યક્તિ નથી. એને બદલે, એ દેવનું સક્રિય બળ છે.—ગીતશાસ્ત્ર ૧૦૪:૩૦.

૪. બાઇબલ આપણને યહોવાહનું વ્યક્તિત્વ પ્રગટ કરે છે. એ બતાવે છે કે તેમનાં મુખ્ય ગુણો પ્રેમ, ન્યાય, ડહાપણ, અને શક્તિ છે. (પુનર્નિયમ ૩૨:૪; અયૂબ ૧૨:૧૩; યશાયાહ ૪૦:૨૬; ૧ યોહાન ૪:૮) બાઇબલ આપણને કહે છે કે તે દયાળુ, માયાળુ, ક્ષમાશીલ, ઉદાર, અને ધૈર્યવાન પણ છે. આપણે, આજ્ઞાંકિત બાળકોની જેમ, તેમને અનુસરવા પ્રયત્ન કરવો જોઈએ.—એફેસી ૫:૧, ૨.

૫. શું આપણે આપણી ઉપાસનામાં મૂર્તિઓ, છબીઓ કે પ્રતીકોને નમન કે પ્રાર્થના કરવી જોઈએ? ના! (નિર્ગમન ૨૦:૪, ૫) યહોવાહ કહે છે કે આપણે ફક્ત તેમની જ ઉપાસના કરવી જોઈએ. તે પોતાના મહિમાનો કોઈ વ્યક્તિની સાથે કે કોઈ પણ ચીજ સાથે સહભાગી થશે નહિ. આપણને મદદ કરવા મૂર્તિઓ પાસે કોઈ શક્તિ હોતી નથી.—ગીતશાસ્ત્ર ૧૧૫:૪-૮; યશાયાહ ૪૨:૮.

૬. આપણે દેવને વધુ સારી રીતે કઈ રીતે ઓળખી શકીએ? એક રીત એ છે કે તેમણે બનાવેલી બાબતોનું અવલોકન કરીને તથા એ આપણને જે કહે છે એ વિષે ગહનપણે વિચાર કરીને. દેવની સૃષ્ટિ આપણને બતાવે છે કે તેમની પાસે પ્રચંડ શક્તિ તથા ડહાપણ છે. તેમણે જે સર્વ બનાવ્યું છે એમાં આપણે તેમનો પ્રેમ જોઈએ છીએ. (ગીતશાસ્ત્ર ૧૯:૧-૬; રૂમી ૧:૨૦) આપણે દેવ વિષે શીખી શકીએ એની બીજી રીત બાઇબલનો અભ્યાસ કરવો છે. એમાં તે આપણને તે કેવા દેવ છે એ વિષે ઘણું વધારે કહે છે. તે આપણને તેમના હેતુ વિષે અને આપણી પાસે તે શું કરાવવા માંગે છે એ વિષે પણ કહે છે.—આમોસ ૩:૭; ૨ તીમોથી ૩:૧૬, ૧૭.

***આપણે સૃષ્ટિમાંથી અને બાઇબલમાંથી દેવ વિષે શીખીએ છીએ***

